

સેક્ટર-૨૦ ઈન્કવાયરીની બાજુમાં આવેલ બગીચો અવાવરૂ હાલતમાં પડ્યો છે. આ બગીચામાં જંગલી વનસ્પતિ ઉગી નીકળતા બાળકો અહીં રમી શકતા નથી. સત્વરે અહીંથી જંગલી વનસ્પતિ દૂર કરવા અને બગીચાની સાફ-સફાઈ કરવા વસાહતીઓએ રજૂઆત કરી છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આ દિવાળી સાચે જ દિવાથી ઊજવવી પડે એવું લાગે છે...!!

# બાળસંભાળ ગૃહના વધુ ત્રણ બાળકો લોખંડની ગ્રીલના સળીયા તોડી ફરાર

## બાળકો નાસી જવાની ત્રીજી ઘટના સામે આવી

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૭ સ્થિત સરકારી બાળ સંભાળ ગૃહ ખાતે રસોડા પાછળની લોબીની લોખંડની ગ્રીલના સળીયા તોડીને ત્રણ બાળકો સંસ્થામાંથી નાસી ગયા છે. સંસ્થાના સીસીટીવીમાં ત્રણેય બાળકો રાત્રીના સમયે નાસી જતા દ્રશ્યમાન થાય છે. તાજેતરમાં બાળસંભાળ ગૃહમાંથી બાળક ભાગી જવાની ત્રીજી ઘટના બનવા પામી છે, જે ખુબ જ ગંભીર બાબત છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે બાળકોને શોધવા તજવીજ શરુ કરી છે. ગાંધીનગર શહેરના સેકટર-૬ પ્રવેશ એપાર્ટમેન્ટ ૧૫૪ ખાતે રહેતા મેહુલ ભીખુભાઈ તેરૈયાએ નોંધાવેલ ફરીયાદ મુજબ સેકટર-૧૭ બાળસંભાળ ગૃહ ખાતે અધિક્ષક તરીકે ફરજ બજાવે છે. આ સંસ્થા સમાજ સુરક્ષા ખાતુ ગુજરાત રાજય સંચાલિત છે.જેમાં બાળકોની કાળજી અને રક્ષણ અધિનિયમ ૨૦૧૫ અંતર્ગત સંભાળ અને રક્ષણની જરુરીયાતવાળા ઉં.૬ થી ૧૮ સુધીના કુલ-૨૦ બાળકો સંસ્થામાં આશ્રય લઈ રહ્યા છે. તે પૈકીના ૧૬ બાળકો ગત તા.૨-૯-૨૧ ના રોજ બાળસંભાળ ગૃહ (મુ.સિયાળ, તા.બાવળા) ખાતેથી બાળ કલ્યાણ સમિતિના આદેશથી કાળજી અને રક્ષણ માટે ગાંધીનગર ખાતે સંસ્થામાં તબદીલ કરવામાં આવ્યા હતા.

જયારે સવારના ૯ વાગ્યાના અરસામાં સંસ્થામાં ગાર્ડ તરીકે ફરજ બજાવતા રણવીરભાઈ વસંતભાઈ કનોજી એ ફોન કરીને અધિકારી મેહુલ તેરૈયાને જણાવ્યું હતું કે સંસ્થામાં આશ્રય લઈ રહેલા બાળકો પૈકી ત્રણ બાળકો રસોડા પાછળની લોબીના લોખંડની ગ્રીલના સળીયા તોડીને જતા રહ્યા છે. જેથી વાત સાંભળી મેહુલભાઈ તાત્કાલીક સંસ્થા ખાતે આવી ગયા હતા. ત્યારે તેઓએ જોયુ તો રસોડા પાછળની લોબીના લોખંડની ગ્રીલના સળીયા તુટેલા હતા. જેથી સંસ્થાના સીસીટીવી કેમેરા ચેક કરતા રાત્રીના ૧.૧૫ વાગ્યાના અરસામાં સંસ્થાના બાળકો લોબીની લોખંડની ગ્રીલના સળીયા તોડી નાસી જતા નજરે પડે છે. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને લેન્ડ ગ્રેબીંગ એકટની જિલ્લા સમિતિની બેઠક મળી હતી.
- ગાંધીનગર જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે આજે માનવ કલ્યાણ યોજનાના અમલીકરણ માટેની સમીક્ષા બેઠક યોજાઈ હતી જેમાં બાજપાઈ બેંકેબલ સ્વરોજગાર યોજના અંગે પણ ચર્ચાઓ થઈ હતી.
- આગામી ૨૩મી ઓક્ટો. સુધી જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૪-૩૬ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૧-૨૩ ડિગ્રી સે. રહેવાની સંભાવનાઓ હવામાનના પૂર્વાનુમાનમાં વ્યક્ત કરવામાં આવી છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ કુડાસણ ખાતે ચાલી રહેલ માર્ગના કામનું અધિકારીઓ અને વસાહતીઓએ સાથે મળી નિરીક્ષણ કર્યુ હતુ.
- પસંદગીના નંબરોની હરાજીમાં આર.ટી.ઓ. કચેરીને ૮ મહિનામાં રૂ. ૨.૪૨ કરોડની આવક થઈ છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૫૭૦૦ થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૪૧૬૬ અને શહેરમાં ૧૫૬૬ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- નાગર સ્પોર્ટસ ક્લબ દ્વારા ગાંધીનગર ખાતે તા. ૨૩ અને ૨૪ દરમ્યાન ઓપન ગુજરાત નાગર સિઝન બોલ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યુ છે.

# નવરાતના નવ દિવસ સેવાકાર્યોથી મા ની આરાધના કરતું "પનઘટ"

### ગાંધીનગરની જાણીતી કલાસંસ્થા 'પનઘટ' દ્વારા નવરાત્રીના નવ દિવસ વિવિધ સેવાકાર્યો કરાયાં : સતત બીજા વર્ષે પનઘટે નવરાત્રી અનોખી રીતે ઉજવી

ગાંધીનગર, તા. ૨૦

તાજેતરમાં જ આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાનું પર્વ નવરાત્રી સંપન્ન થયું જેમાં સતત બીજા વર્ષે પાર્ટીપ્લોટના ગરબાના આયોજન મોકુફ રહ્યાં હતા. આ વર્ષે પણ શહેરની જાણીતી કલાસંસ્થા પનઘટ કલા કેન્દ્રના સંચાલક તથા તાલીમાર્થીઓ દ્વારા નવલી નવરાતના નવ દિવસ સેવા કાર્યોથી 'મા'ની આરાધના કરીને નવરાત્રીનું આરાધના પર્વ ઉજવ્યુ હતુ. ગત વર્ષે પણ પનઘટ દ્વારા નવરાત્રી 'નવધા' સેવાકાર્યો થકી ઉજવવામાં આવી હતી.



મા જગદંબાની આરાધનાના પર્વ તરીકે વિશ્વભરમાં જાણીતા નવરાત્રી ઉત્સવમાં ગરબાનું વિશેષ મહત્વ છે. આધુનિક સમયમાં ગરબાએ 'ગ્લોબલ' સ્વરૂપ અપનાવ્યું છે અને ગુજરાતની નવરાત્રીમાં યોજાતા ગરબા સમગ્ર વિશ્વમાં ઘેલુ લગાડે છે. ખાસ કરીને પાર્ટી પ્લોટમાં યોજાતાં ગરબા હવે વિદેશીઓને પણ આકર્ષીત કરે છે જેમાં ગુજરાતનું યુવાધન મનમૂકીને ગરબે ઘુમે છે. ગાંધીનગર પણ ગરબા માટે વૈશ્વિક ઓળખ મેળવી ચુક્યુ છે અને ગાંધીનગરના પાર્ટી પ્લોટમાં યોજાતા આધુનિક ગરબામાં શહેરની પનઘટ કલા કેન્દ્રના યુવા ખેલૈયાઓ દર વખતે ધૂમ મચાવે છે. આ ખેલૈયાઓ માટે નવરાત્રી એટલે આખા વર્ષની મહેનતની કસોટી સાથે સૌથી અણમોલ ઉત્સવ હોય છે પરંતુ છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીના કારણે શહેરમાં પાર્ટી પ્લોટના ગરબાના આયોજનો બંધ થઈ જવા પામ્યા છે. જો કે પનઘટના આ યુવા ખેલૈયાઓ માટે નવલી નવરાતને ઉજવવાનો એકમાત્ર આધાર ગરબાં જ નથી પરંતુ સંસ્થાના સંચાલક ભાવિન પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી ગરબાના સ્થાને કરવામાં આવતાં વિવિધ સેવાકાર્યો પણ મા જગદંબાની આરાધના સમાન જ છે જેથી તેઓ આ પરમાર્થ કાર્યમાં તેટલાં જ ઉત્સાહથી જોડાય છે.



આ વર્ષે નવરાત્રીને પનઘટ કલા કેન્દ્ર દ્વારા 'આરાધના પર્વ' તરીકે ઉજવવામાં આવ્યું હતું જેમાં સતત નવ દિવસ સુધી વિવિધ સેવા કાર્યોના આયોજન કરવામાં આવ્યાં હતા. આ સેવાકાર્યોમાં કન્યા ભોજન, દરિદ્રનારાયણને ભોજન, સિલાઈ મશીનની સહાય, દિકરીઓને શિક્ષણ સહાય, કલાકાર પરિવારને સહાય, સખીમંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલ ચીજવસ્તુઓનું વેચાણ, રમતગમત-સંગીતના સાધનોની સહાય તેમજ બાળકોને સાયકલ વિતરણ વગેરેનો સમાવેશ થાય છે.





અત્રે ઉલ્લેખનીય છે કે પનઘટ કલા કેન્દ્ર માત્ર ગાંધીનગર જ નહીં પરંતુ ગુજરાતની જાણીતી સંસ્થા છે જે રાષ્ટ્રીયકક્ષાએ પણ તેના પરફોર્મન્સથી પ્રખ્યાત છે તેમજ અનેક એવોર્ડથી સન્માનિત થઈ ચુકી છે.

### આરાધના પર્વમાં હાથ ધરાયેલ સેવાકાર્યો

| | |
|---|---|
| પહેલુ નોરતું | કન્યા ભોજન |
| બીજી નોરતુ | દરિન્દ્રનારાયણને ભોજન |
| ત્રીજું નોરતું | સિલાઈ મશીનની સહાય |
| ચોથુ નોરતું | જરૂરિયાતમંદ દિકરીઓને શિક્ષણ સહાય |
| પાંચમુ નોરતું | જરૂરિયાતમંદ કલાકાર પરિવારને સહાય |
| છઠ્ઠુ નોરતું | સખીમંડળની બહેનોની ચીજવસ્તુઓનું વેચાણ |
| સાતમું નોરતું | સરકારી શાળામાં રમતગમત-સંગીતના સાધનોની સહાય |
| આઠમું નોરતું | બાળકોને સાયકલનું વિતરણ |

# હજુ તો નંબર આવ્યો નથી... ત્યાં બાઈકની ચોરી થઈ

ગાંધીનગર, તા.૨૦

શહેરના આદીવાડા ગામ રબારીવાસ ખાતે ઘરની બહાર ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલ નવુ નંબર વિનાનું પ્લેટીના બાઈકની ચોરી થવા પામી છે. પોલીસે રૂ.૬૫ હજારના બાઈક ચોરી અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ મધ્યપ્રદેશનો વતની અને હાલ વાવોલ ગામ ખાતે બસ સ્ટેન્ડની બાજુમાં રહેતા સંતોષ અશોકભાઈ યાદવ (ઉં.૨૯) કલરકામ કરી ગુજરાન ચલાવે છે. સંતોષ યાદવે ગત તા.૨-૧૦-૨૧ ના રોજ લોન કરી બાઈકની ખરીદી કરી હતી. હજુ બાઈકનો નંબર પણ આવ્યો નથી. ત્યારે ગત તા.૧૮ ના રોજ સંતોષ આદીવાડા ખાતે રહેતા પોતાના મિત્ર શૈલેન્દ્ર યાદવના ઘરે રાત્રી રોકાણ માટે ગયો હતો. ઘરની બહાર ખુલ્લી જગ્યામાં રાત્રીના ૯.૩૦ વાગે બાઈક પાર્ક કર્યું હતું. જયારે બીજા દિવસે સવારે ૨ વાગ્યાની આસપાસ જોતા બાઈક પાર્ક કરેલી જગ્યા પર બાઈક જણાયુ ન હતું. જેથી સંતોષ યાદવે મિત્રના ઘરની આસપાસના વિસ્તારમાં શોધખોળ આદરી હતી. પરંતુ બાઈકનો ક્યાંય પત્તો લાગ્યો ન હતો. બાઈક કલરકામ કરતી ટીમનો કોઈ સભ્ય ફેરવવા માટે લઈ ગયો હશે તેમ સમજી અત્યાર સુધી ફરીયાદ કરી ન હતી. પરંતુ બાઈક અંગે મિત્રોને પુછતા તેઓને મારા બાઈક વિશે કોઈ માહિતી ન હોવાનું જણાવ્યું હતું. જેથી સંતોષ યાદવે રૂ.૬૫ હજારના પ્લેટીના બાઈક ચોરી અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક ચોરને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ડભોડા વિસ્તારમાં બિનજરૂરી વિજકાપ બંધ કરવાની માંગ

ડભોડા વિસ્તારના ડભોડા (સીમ વિસ્તાર), વડોદરા, ગલુદણ, સોનારડા, વિરાતલાવડી, વાંકાનેડા, વજાપુરા, નવાપુરા, જેઠીપુરા, ફિરોજપુર, ગોરવંટા, વલાદ, મેદરા, રાયપુર, શાહપુર, રતનપુર વગેરે વિસ્તારમાં છેલ્લા ૩૦ દિવસથી વિજકાપના બહાને સાંજે ૫ થી ૬ કલાકે વિજકાપ થતો હોવાથી ગ્રામ્ય કક્ષાએ પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલ જનતા પારાવાર મુશ્કેલીઓનો સામનો કરી રહી છે. પાણીજન્ય રોગોનો ઉપદ્રવ વધારે પ્રમાણમાં થયેલ હોવાથી દર્દીઓ પણ ખુબ મુશ્કેલી અનુભવી રહ્યા છે. વિજકાપનો સમય બદલી બપોરનો કરવાની માંગ મીનાબેન ઠાકોર (સદસ્ય, જિલ્લા પંચાયત) તરફથી કરવામાં આવી હતી.

## ગાંધીનગર હોમગાર્ડઝમાં ભરતી કરાશે

જિલ્લા કમાન્ડન્ટ, હોમગાર્ડઝ ગાંધીનગરના તાબાના ગાંધીનગર શહેર યુનિટની ખાલી જગ્યાઓની ભરતી માટે ગાંધીનગર શહેર/તાલુકા વિસ્તારના રહેવાસી નાગરિકો પાસેથી હોમગાર્ડઝની ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવી છે. તેથી હોમગાર્ડઝમાં ભરતી થવા ઈચ્છુક ઉમેદવારોએ આગામી ૨૩થી ૩૧ તારીખ સુધી ઓફિસ સમય દરમિયાન જિલ્લા કચેરી ખાતે નિયત બોર્ડ ઉપર દર્શાવેલ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે. નિયત નમૂનો જિલ્લા કચેરીના નોટિસ બોર્ડ પરથી મેળવી લેવાનો રહેશે. ત્યારબાદ અરજી પત્રક બ્લોક નં.૬ ભોંયતળિયે, જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય ખાતે જમા કરાવી રજીસ્ટ્ર નોંધણી નંબર મેળવી લેવાનો રહેશે. આ ભરતીમાં ઉમેદવારો ઓછામાં ઓછું ધોરણ ૧૦ પાસ હોવા જોઈએ. જેમાં ઉંચાઈ ૧૬૨ સેમીથી વધુ પુરુષો માટે અને ૧૫૦ સેમીથી વધુ મહિલાઓ માટે છે. વજન ૫૦ કિગ્રાથી વધુ પુરુષો માટે તથા ૪૦ કિગ્રાથી વધુ મહિલાઓ માટે છે તથા યોગ્ય ઉમેદવારો આ ભરતીમાં પસંદગી પાત્ર બનશે.

# ગાંધીનગર જિલ્લામાં વિના મૂલ્યે ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન PCVનો ઉનાવાથી આરંભ

### હવે, સરકાર દ્વારા બાળકોને ૧૧ જેટલા રોગો સામેની રસી વિના મૂલ્યે અપાશે : ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન PCV બાળકોને ૨ હજારથી વધુના ખર્ચે ખાનગી દવાખાનામાં અપાતી હતી

ગાંધીનગર, તા. ૨૦

સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં આજથી ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન ઁઝફ નો આરંભ થયો છે. ગાંધીનગર જિલ્લામાં આ રસીનો આરંભ આજરોજ ઉનાવા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતેથી કરવામાં આવ્યો હતો. આ રસીનો આરંભ જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમની ઉપસ્થિતિમાં કરાયો હતો. ગાંધીનગર જિલ્લામાં વાર્ષિક ૨૪ હજાર બાળકોને આ રસી આપવામાં આવશે. હવે, ૧૧ રોગો સામે રક્ષણ આપતી રસી સરકાર દ્વારા વિનામૂલ્યે આપવામાં આવશે.



આ રસીની માહિતી આપતા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકીએ જણાવ્યું હતું કે ભારત સરકારના દ્વારા નિયમિત રસીકરણ કાર્યક્રમમાં આજથી એક નવી વેક્સિન ઁઝફને સામેલ કરવામાં આવી છે. આ રસીથી બાળકોને ન્યુમોનિયા તથા મગજના તાવ સામે સુરક્ષા પ્રદાન કરવામાં મદદ મળશે.

હાલમાં ૧૦ રોગો જેવા કે ટીબી ,પોલિયો, ડીપ્થેરિયા, હિપેટાઈટિસ બી, ટીટેનસ, મિસલ, રુબેલા અને રોટા વાયરસ ના જેવી ગંભીર બિમારીથી રક્ષણ આપતી રસી સરકાર તરફથી વિનામૂલ્યે આપવામાં આવતી હતી. બાળકોને ન્યુમોકોકલ કોંજુગેટ વેક્સિન ઁઝફ અત્યાર સુધી ખાનગી દવાખાનાઓમાં રૂપિયા બે થી પાંચ હજાર ખર્ચે રસી આપવામાં આવતી હતી. હવે, આ રસી સરકાર દ્વારા સમગ્ર રાજય સહિત ગાંધીનગર જિલ્લામાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં દરેક સરકારી દવાખાના પર વિનામૂલ્યે આપવામાં આવશે.

બાળકને આ રસીના કુલ ત્રણ ડોઝ લેવાના રહેશે. જેમાં દોઢ મહિને, સાડા ત્રણ મહિને અને નવ મહિના બાદ આ રસીના ડોઝ આપવાના રહેશે. ગાંધીનગર જિલ્લાના દરેક ગ્રામકક્ષાએ મમતા દિવસ પર, સરકારી દવાખાના પર અન્ય રસીની જેમ ન્યુમોકોકલ કોંજુગેટેડ વેક્સિન ઁઝફ વિના મૂલ્યે મળી રહેશે, તેવું પણ તેમણે ઉમેર્યું છે.

# ગાંધીનગર જિલ્લામાં આજથી છ આયુર્વેદ હોમિયોપેથી વિના મૂલ્યે નિદાન- સારવાર કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા આઝાદીના અમૃત મહોત્સવ ઈન્ડિયા જ ૭૫ નિમિત્તે જિલ્લાના ૬ સ્થળો ખાતે આયુર્વેદ-હોમિયોપેથી વિના મૂલ્યે નિદાન-સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. ૨૧ થી ૨૬મી ઓકટોબર, ૨૦૨૧ દરમ્યાન જિલ્લામાં યોજાશે.

આ અંગેની વિગતો આપતાં જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે તા. ૨૧મી ઓકટોબર, ૨૦૨૧ના રોજ આ લીમ્બડિયા ખાતે યોજાનાર કેમ્પનો આરંભ ગુજરાત યોગ બોર્ડના ચેરમેન શિશુપાલજીના હસ્તે કરાશે. તમામ કેમ્પો સવારના ૯.૦૦ કલાકે આરંભ કરવામાં આવશે. જેમાં સવારના ૯.૦૦ થી ૯.૩૦ કલાક દરમ્યાન કેમ્પનું દીપ પ્રાગટય અને મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ સવારના ૯.૩૦ થી બપોરના ૧.૦૦ કલાક દરમ્યાન આયુર્વેદ-હોમિયોપેથી નિદાન સારવાર કેમ્પ યોજાશે.

ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકાના અલગ - અલગ સ્થળો ખાતે આગામી તા. ૨૧ થી ૨૬ સુધી છ મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૨૧મી ઓકટોબર, ૨૦૨૧ ના રોજ ગાંધીનગર તાલુકાના લીમ્બડીયા ગામ ખાતે અને દહેગામ તાલુકાના પાલુંદ્રા ગામ ખાતે આયુર્વેદ- હોમિયોપેથી નિદાન - સારવાર કેમ્પ યોજાશે. તેમજ તા. ૨૨મી ઓકટોબર, ૨૦૨૧ ના રોજ કલોલ તાલુકાના છત્રાલ ગામ ખાતે શ્રી છત્રેશ્વર મહાદેવની વાડી ખાતે અને માણસા તાલુકાના ઈટાદરા ગામ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે આ કેમ્પ યોજાશે. તા. ૨૩મી ઓકટોબર, ૨૦૨૧ના રોજ માણસા તાલુકાના સોજા ગામની પ્રાથમિક કુમાર શાળા ખાતે અને તા. ૨૬મી ઓકટોબર, ૨૦૨૧ ના રોજ દહેગામ તાલુકાના કડાદરા ગામ ખાતે સરકારી દૂધ ડેરી ખાતે આ કેમ્પ યોજાશે.

**ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો**
( A Govt. of Gujarat Organization)

**નિવિદા**

ઈન્ડેક્ષ્ટબીની કચેરીમાં સિવિલ અને પ્લમ્બીંગની કામગીરી માટે અનુભવી સંસ્થાઓ / વ્યક્તિઓ પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કામકાજની વિગતો માટે રસ ધરાવતી સંસ્થાઓ / વ્યક્તિઓ દ્વારા તારીખ : ૨૧/૧૦/૨૦૨૧ થી ૩૦/૧૦/૨૦૨૧ દરમિયાન રજા સિવાયના દિવસોમાં સવારે ૧૧.૦૦ થી સાંજના ૫.૦૦ કલાક દરમિયાન કચેરી ખાતે નિરીક્ષણ કરી શકાશે તથા ભાવપત્રક મેળવી શકાશે. સીલબંધ કવરમાં નિયત ભાવપત્રકમાં ભાવ તા. ૧/૧૧/૨૦૧ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં નીચે દર્શાવેલ સ્થળે જમા કરાવવાના રહેશે. આ અંગેના ભાવપત્રક મંજૂર કરવા / ન કરવા અંગેનો અબાધિત અધિકાર મેનેજીંગ ડિરેક્ટરશ્રીનો રહેશે.

ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો (ઈન્ડેક્ષ્ટબી)
બ્લોક નં. ૧૮/૨, ઉદ્યોગભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન : ૦૭૯-૨૩૨-૫૦૪૯૨/૯૩